**Annual Rates for M&R of Civil Works at GERI, Racecourse, Vadodara for the Year 2026-27.**

-::શરતો ::-

1. ભાવપત્રક સાથે બાનાની રકમ રૂ. **50,000.00 (અંકે રૂપિયા પચાસ હજાર પુરા)** ની એફ.ડી. આર "Deputy Director GERI, Vadodara" ના નામની સામેલ રાખવાની રહેશે. મુદત 15-માસની રાખવી. બાનાની રકમ વગરના ભાવપત્રક ધ્યાને લેવામાં નહીં આવે. તેમજ બાનામુક્તિ પ્રમાણપત્ર માન્ય રહેશે નહી.
2. આ કામની, અનુસુચિમાં જણાવવામાં આવેલ બાબતોની કામગીરી જરૂરીયાતને આધીન કરવામાં આવશે, આ બાબતે કોઈ વિવાદ કે તકરાર ધ્યાને લેવામાં આવશે નહી. કોઈપણ કારણો આપ્યા સિવાય એક અથવા બધા જ ભાવપત્રકો મંજુર/નામંજુર કરવાની સત્તા નાયબ નિયામકશ્રી ને અબાધિત છે.
3. આવેલ ભાવો પ્રાઈજ બીડ ખોલ્યાની તારીખથી ૧૨૦ દિવસ સુધી માન્ય ગણવામાં આવશે. ભાવો ભરનાર આ દિવસો પહેલા ઓફર પરત ખેચી શકાશે નહી.
4. સરકારશ્રીના વખતોવખતના નિયમો ભાવ ભરનાર ઈજારદારશ્રીને બંધનકર્તા રહેશે. તેમજ ઈજારદાર દ્વારા ભરવામાં આવેલ ભાવો તમામ પ્રકારના ટેક્ષ, (જી.એસ.ટી સિવાય) અને રોયલ્ટી સાથેના જ રહેશે. અલગથી નિયમો અનુસાર જી.એસ.ટી ચૂકવવામાં આવશે. જે અંગે સક્ષમ કક્ષાએથી વર્ક ઓર્ડરમાં આપવામાં આવે ત્યારે વર્ક ઓર્ડરમાં સક્ષમ સત્તા અધિકારી દ્વારા દર્શાવવાનું રહેશે.
5. મંજુર કરવામાં આવેલ ભાવ બાબતે કામની જરૂરીયાતના જથ્થા મુજબ ઈજારદારશ્રી મદદનીશ સંશોધન અધિકારીશ્રી સાથે જરુરી ટેંડર ફોર્મમાં કરારખત કરવાનું રહેશે. તેમજ સદર કરારખાતનાં નિયમો ઈજારદારશ્રીને બંધનકર્તા રહેશે.
6. ઈજારદારશ્રી અનુસૂચિમાં જણાવેલ બાબતો અન્વયે કામગીરી/ માલ સામાનની જરૂરીયાત ઉભી થયે હવાલાના ઈજનેરશ્રીની સુચના મુજબ સમયમર્યાદામાં પુરી કરવાની /પાડવાની રહેશે.
7. કામના જથ્થા, ગુણવત્તા અને જરૂરીયાત અંગે કોઈપણ તકરાર કે ગુંચવણ ઉભી થયે નાયબ નિયામકશ્રી, ગેરી, વડોદરાનો નિર્ણય આખરી રહેશે અને ઈજારદારને તે બંધનકર્તા રહેશે. નિયત સમયમર્યાદામાં પૂરા ન કરેલ કામ બાબતે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર સક્ષમ અધિકારી દંડની જે રકમ નક્કી કરે તે ઇજારદારના બીલમાથી કપાત કરવાની રહેશે.

8. આઈટમોની કામગીરી અત્રેના વિભાગના અધ્યતન નિર્ધારિત કરેલ સ્ટાન્ડર્ડ સ્પેશીફીકેશન/સંબધીત મ.સં.અ.શ્રીની સુચના મુજબ જ કરવાની રહેશે તેમજ કરારનામાં જરૂરીયાત મુજબ વિગતવાર સ્પેશીફીકેશન જોડવામાં આવશે.
9. આ કામ માટેના ભરાઈને આવેલ ક્વોલિફાઇડ ઈજારદારો પૈકી, મંજુર થયેલ ભાવો, કોઈપણ ભાવ ભરનાર ઈજારદારશ્રી પાસેથી કોઈપણ આઈટમની કામગીરી કરાવી શકાશે અને તે બાબતે અન્ય ઈજારદાર તરફથી કોઈ વાંધો-તકરાર ઉભી કરવાની રહેશે નહી.
10. આ કામના ભાવપત્રકો સામે રજુ કરવામાં આવેલ બાનાની રકમ જામીન અનામત તરીકે રૂપાંતરીત કરવામાં આવશે તેમજ રનીંગ બીલમાંથી કપાત જામીન અનામતની રકમ પેટે રનીંગ બીલમાંથી ૫% લેખે કપાત કરવામાં આવશે જે અંગે કરારનામાં કરનાર અધિકારીશ્રીનો નિર્ણય આખરી ગણાશે. જો ઈજારદારશ્રી આમ કરવામાં નિષ્ફળ જશે તો, તેઓ ને વાર્ષિક ભાવોમાંથી બાકાત કરવામાં આવશે.
11. મંજુર થયેલ ભાવોથી કામ કરવા માટે કોઈ ઇજારદારશ્રી દ્વારા નકારાત્મક વલણ અપનાવશે અથવા કામમાં નિષ્ફળ જશે તો તે આપશ્રીની જામીન અનામત સરકારશ્રીમાં જપ્ત કરવામાં આવશે. તેમજ સરકારશ્રીની વખતોવખતની જોગવાઈઓ પરીપત્રો મુજબ તેઓની સામે કાયાવાહી કરવામાં આવશે.
12. ભાવો મંજુર થયેથી અમર્યાદિત કામોની મંજુરી નથી મળતી. જે કામગીરી હાથ ધરવાની થતી હોય, તેવી આઈટમોનું અંદાજપત્ર મંજુર કરાવી, નાયબ નિયામકશ્રીની બહાલી મેળવવી ઈજારદારશ્રીએ આ સાથે સામેલ રાખેલ ફોર્મમાં કરારનામું કરવું અનિવાર્ય છે અને મળેલ બહાલીના અંદાજપત્ર મુજબની જ કામગીરી કરવાની રહેશે.
13. વાર્ષિક ભાવોથી કરવાની થતી કામગીરી માટે મંજુર થયેલ જે તે ઈજારદારશ્રીને કામ શરૂ કરવા જરૂરી કરારનામાં કરવા બોલાવવામાં આવે ત્યારથી જ કામગીરી શરૂ કરવાની રહેશે.
14. મંજુર ભાવવાળી આઈટમો ઘણી બધી હોય મંજુર કર્યા બાદ કોઈ આઈટમમાં કે રેટ એનાલીસીસમાં શરત ચુક થયેલ ધ્યાને આવશે તો આવા ભાવો રદ કરવામાં આવશે જે તમામ ઈજારદારશ્રીઓને બંધનકર્તા રહેશે.
15. સદરહુ મંજુર થયેલ ભાવો ૧૨ માસ માટે અમલી રહેશે.
16. સરકારશ્રીના પ્રવતમાન તેમજ આ કરારની મુદત સુધીમાં જો કોઈ નવા નિયમો આવશે તે બધા નિયમો ભાવ ભરનારને બંધનકર્તા રહેશે.

17. જામીન અનામતની સદરહું રકમ વર્ક ઓર્ડર મળ્યાની તારીખ થી ૧૫ માસ પછી છુટા કરવામાં આવશે.
18. આ ભાવપત્રકમાં જણાવેલ બાબતો મુખ્યત્વે ગેરી, રેસકોર્સ, વડોદરા હેઠળના કાર્યક્ષેત્રમાં ઉપયોગમાં લેવા માટે વાર્ષિક ધોરણે માંગવામાં આવે છે. મંજુર કરવામાં આવેલ ભાવનો સમય/મુદત વધારવા કે ઘટાડવા બાબતે નાયબ નિયામકશ્રીનો નિર્ણય અંતિમ અને આખરી રહેશે.
19. ગમે તે કારણોસર નિયત સમય બાદ કે, બાનાની રકમ સિવાયના અને શરતી ભાવો ગણતરીમાં લેવામાં આવશે નહી.
20. ટેંડરમાં જણાવેલ જથ્થો/રકમ અંદાજીત છે (જો હોય તો) તેટલા જ જથ્થાની ખરીદી માટે આ કચેરી બંધાયેલ નથી. જો કોઈ પણ કામ કરાવવામાં અથવા માલસામાન ખરીદ કરવામાં નહી આવે તો ભાવ ભરનાર કોઈ હક્ક દાવો કરી શકશે નહી.
21. કોઇપણ કામગીરી દરમ્યાન ડીસ્મેંટલ મટીરીયલ નીકળે તો તે જે તે ઈજારદારની લઈ જવાની જવાબદારી રહેશે તથા ડીસ્મેંટલ મટીરીયલની અનુસુચી પ્રમાણે ઈજારદારના બિલમાથી રકમ વસુલ કરવાની રહેશે. તે બાબતે નાયબ નિયામકશ્રીનો નિર્ણય અંતિમ અને આખરી રહેશે.
22. વાહન કે મશીનરી રોકવામાં આવે તો તેની લોગબુક, વાહન રજીસ્ટ્રેશન, ઈન્સ્યુરશનના દસ્તાવેજો તેમજ ડ્રાઈવરનુ ડ્રાઈવિંગ લાયસન્સ ચુકવણાં અર્થે રજુ કરેલ બીલ સાથે અચુક રજુ કરવાનું રહેશે.
23. ઉપરોક્ત ભાવ પત્રક મુજબ કરારખત ફ્કત અનિવાર્ય તથા આકસ્મિક સંજોગોમાં કરવામાં આવશે અથવા નીચે સહી કરનાર અધિકારીની સુચના અનુસાર કરવામાં આવશે.
24. જે ઈજારદારશ્રીના ભાવ સૌથી ઓછા હશે અને મંગાવવામાં આવેલ તમામ દસ્તાવેજો તેમજ ટેંડરની તમામ શરતો પૂર્ણ કરેલ હશે તેને (એલ-૧) તરીકે જાહેર કરી કામગીરી કરવા માટે સૂચિબધ્ધ કરવામાં આવશે, વધુમાં ટેંડર ખોલ્યા બાદ જે પાર્ટી એલ-૧ તરીકે પસંદ થયેલ છે તે સિવાયની અન્ય કવોલીફાઈડ પાર્ટીઓ એલ-૧ ના ભાવે કામગીરી કરવા માટે કમિટી/નાયબ નિયામકશ્રી સમક્ષ લેખિતમાં સહમતી દર્શાવે તો તેવી તમામ ઈજારદારશ્રી ને પણ એલ-૧ તરીકે અધિકારીશ્રી કામગીરી કરાવી શકશે. તે બાબતે અન્ય ઈજારદારશ્રીમાંથી કોઈ પણ એલ-૧ ઈજારદારશ્રી પાસે અધિકારીશ્રી કામગીરી કરાવી શકશે. તે બાબતે અન્ય ઈજારદારશ્રીમાંથી કોઈ પણ એલ-૧ ઈજારદારશ્રી પાસે જીલ્લામાં આવતી જુદી જુદી કામગીરી ઈજારદારશ્રીને કામની અગત્યતા/પ્રોટોકોલને

સમજી સોંપવાની સંપૂર્ણ સત્તા નાયબ નિયામકશ્રીની રહેશે. જેના માટે ઈજારદારશ્રી બંધનકર્તા રહેશે.

25. સદર આઇટમો સિવાયની આઈટમની કામગીરી કરવાની જરૂરીયાત ઉભી થાય તો તેવા કીસ્સામાં આ પ્રકારના કામો કરતી રજીસ્ટ્રેશન ધરાવતી એજંસી પાસે હાથોહાથ ભાવો મંગાવી સૌથી નીચા ભાવો કામ કરવા સહમત એજન્સી પાસે તે કામ કરાવી શકાશે.
26. સદર કામગીરી માટે મંજુર થયેલ ભાવો કામગીરી દરમિયાન આઈટમ મુજબ Above/Below મુજબ ગણતરી કરવામાં આવશે.
27. સદર કામના ટેંડરમાં ઓનલાઈન ટેંડરીંગ પ્રક્રીયામાં ભાગ લીધેલ હોય તેમાથી કોઈપણ એજંસી પાસેથી આવેલ સૌથી નીચા ભાવો મુજબ કામગીરી કરાવી શકાશે અને અનિવાર્ય સંજોગોમાં ટેંડર પ્રક્રીયામાં ભાગ ન લીધો હોય તેવી એજંસી પાસેથી પણ કામ કરાવી શકાશે, જે બાબતે કોઈપણ જાતની દલીલ, તકરાર ચાલશે નહી. કામગીરી સોંપણી બાબતનો તમામ અબાધિત અધિકાર સક્ષમ અધિકારીશ્રીનો રહેશે.
28. આ કામની અનુસુચીમાં જણાવેલ તમામ બાબતો મે/અમે વાંચી છે સમજી અને તે મુજબ ભાવો ભરેલ છે.

ઈજારદારની સહિ (સિક્કા સાથે)